INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

==========================================================

**અખબારી યાદી** **તા : ૧૩-૧૨-૨૦૨૪**

**ટેકનીકલ શિક્ષણ વિભાગના રેઢિયાળ વહીવટને લીધે ડીગ્રી ડીપ્લોમાં ઈજનેરી કોલેજના ૪૦૦૦ અધ્યાપકો મળવાપાત્ર લાભો થી વંચિત.**
**ભાજપા સરકારની અટકાવવું, લટકાવાવું અને ભટકાવવાની નીતિના કારણે પાંચ તબકાની ચકાસણીમાં વિલંબ થી ૪૦૦૦ અધ્યાપકો હક થી વંચિત.**
**ટેકનીકલ શિક્ષણ વિભાગની એક અધ્યાપક પર વિશેષ પ્રેમથી ઓફલાઈન લાભ અપાયા : બાકીના ૪૦૦૦ જેટલા અધ્યાપકોને ઓનલાઈનના નામે અન્યાય**

સરકારી ઇજનેરી તેમજ પોલીટેકનિક કોલેજોના ૪૦૦૦ અધ્યાપકોના કિસ્સામાં પણ ઓફલાઇન ચકાસણી પ્રક્રિયા ઝડપથી કરીને સમય મર્યાદામાં ગ્રેડ પે નો લાભ આપવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં ટેકનિકલ શિક્ષણની કચેરી દ્વારા ડીપ્લોમા કોલેજના એક જ અધ્યાપકના સ્પેશિયલ કેસમાં માત્ર એક જ મહિનાના સમય ગાળામાં કેસની ત્રણ ગ્રેડની પ્રક્રિયા ઓફલાઇન પૂર્ણ કરી આદેશ કરવામાં આવેલ છે. જેમાં ગ્રેડ પે 8000 થી 9000 મંજૂરીની તારીખ 1 જાન્યુઆરી 2016 પછી હોવા છતાં કોજન્ટ પૉર્ટલ ઉપર પ્રકિયા કર્યા વગર ઓફ લાઇન ચકાસણી કરી 29 નવેમ્બરેના રોજ મંજુરીનો આદેશ કરવામાં આવ્યો છે. બીજી બાજુ ૧૬ ડીગ્રી અને ૩૧ ડીપ્લોમાં સરકારી ઈજનેરી કોલેજના 4 હજાર અધ્યાપકો ને મળવાપાત્ર લાભથી વંચિત રહે તે રીતે ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા આશરે 4000 અધ્યાપકોને કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ(કેસ) માટે પૉર્ટલની ઓનલાઇન ચકાસણીની પ્રક્રિયા માટે ફરજીયાત પરિપત્ર કરવામાં આવે છે.

AICTEના 1 માર્ચ 2019ના પરિપત્રના પાંચ વર્ષ બાદ 1 માર્ચ 2024ના રોજ શિક્ષણ વિભાગ દ્વારા કેસ અંગે પરિપત્ર કરવામાં આવ્યો હતો. વર્ષોની રજૂઆત બાદ પરિપત્ર થતા સરકારી ડિગ્રી અને ડિપ્લોમા કોલેજોના અધ્યાપકો તેમના 7-8 વર્ષોથી લંબિત કેસ ટૂંક સમયમાં મળી જશે તેવી આશા જન્મી હતી. આ અંતર્ગત અરજીઓ મંગાવી ઓફલાઇન ચકાસણી કરી સત્વરે આદેશ થાય એવી વ્યવસ્થા ઉભી કરવાની બદ્લે ઓનલાઇન ચકસણી કરવા અંગે કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન દ્વારા નિર્ણય કરવામાં આવ્યો. 30 જુલાઈ 2024ના પરિપત્ર દ્વારા તમામ અધ્યાપકોને કેસની અરજી ફરજીયાત કોજન્ટ પૉર્ટલ ઉપર કરવા માટે સુચના આપેલ હતી. પરંતુ કોજન્ટ પૉર્ટલ યોગ્ય રીતે થયેલ ન હોવાના કારણે ટેકનીકલ ક્ષતિઓને લીધે પૉર્ટલ પર અરજી કરવામાં મોટાભાગના અધ્યાપકોએ વ્યાપક હેરાનગતિ ભોગવી હતી

ટેકનીકલ શિક્ષણ કચેરી દ્વારા અધ્યાપકોને કોજન્ટ પૉર્ટલ પર કેસ માટે ઓનલાઈન અરજી કરવા માટે ૨૦ ઓગસ્ટ 2024ની સમયમર્યાદા આપેલ. પંરતુ ટેકનીકલ ક્ષતિઓને લીધે ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા અરજી કરવા માટેની છેલ્લી તારીખ બે વખત લંબાવી અનુક્રમે 5 સપ્ટેમ્બર કરવાની ફરજ પડેલ. તેમાં પણ આજદિન સુધી કોજન્ટ પૉર્ટલના 5 તબક્કામાંથી માત્ર ૨ તબકાની ચકાસણી પૂર્ણ થઇ છે, બાકીના 3 તબકાની પરિપત્રના ૯ મહિના થયા છતાં અમલીકરણ થયેલ નથી, જે અધ્યાપકો માટે ખૂબ જ નિરાશાજનક બાબત છે. કોજન્ટ પૉર્ટલ જે ગતિથી ચાલી રહ્યુ છે તે જોતા હજુ ૩૧/03/૨૦૨૫સુધીમાં અધ્યાપકોની ગ્રેડ પે ૬000 થી ૭000 તેમજ ગ્રેડ પે ૭000 થી ૮૦૦૦ એમ બે ઈવેન્ટ તો દૂર રહી પરંતુ પ્રથમ ઈવેન્ટ પણ પૂરી થઇ જરૂરી આદેશ થશે કે કેમ એ પણ અનિશ્ચિત જણાય છે. આ રીતે ટેકનીકલ ક્ષતિઓ તેમજ સંવેદનશીલતાના અભાવે સરકારે કેસ જાહેર કર્યાને અંદાજે ૧૦ મહિના થયા છતાં હક/ન્યાય/લાભથી વંચિત અધ્યાપકો નાણકીય અને કારકિર્દીને ભારે નુકસાન થઇ રહ્યું છે. **ભાજપા સરકારની અટકાવવું, લટકાવાવું અને ભટકાવવાની નીતિના કારણે પાંચ તબકાની ચકાસણીમાં વિલંબ થી ૪૦૦૦ અધ્યાપકો હક થી વંચિત રહે તેવી સ્થિતિ જણાય** છે.

**( ડૉ. મનિષ એમ. દોશી )**

**મીડિયા કન્વીનર અને પ્રવક્તા**